# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા.નં./માં-2/2026/ ૨૩૩૬ તા. 12/02/2026

પ્રતિ,

આચાર્ય,

સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ.

સુરત જિ. સુરત

**વિષય:** આગામી તારીખ 10/02/2026 થી તારીખ:15/02/2026 દરમિયાન શાળા કક્ષાએ માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ કરવા બાબત.

**સંદર્ભ:** IMCTF(INITIATIVE FOR MORAL AND CULTURAL TRAININGFOUNDATION)નો તા. 03/02/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે IMCTF દ્વારા સમાજ જીવનમાં ભારતીય જીવન પુષ્પોને વ્યવહારમાં લાવવાના પ્રવાસનાં ભાગરૂપે પ્રકૃતિ સંવર્ધન માનવી અને પારિવારિક મૂલ્યોનું સંવર્ધન, નારી સન્માન અને રાષ્ટ્રભક્તિ જાગરણ તેમજ માનવીય અને પારિવારિક મૂલ્યોના સંવર્ધન અંતર્ગત માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ અંગે આ સાથે IMCTF દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ દરેક શાળાઓએ નિયત કરેલ તારીખ- 10/02/2026 થી 15/02/2026 આપની કક્ષાએ શામેલ સંદર્ભ દર્શિત પત્ર મુજબનો કાર્યક્રમ યોજવા અને તેઓના ફોટગ્રાફ્સ સાથેનો અહેવાલ તૈયાર કરી શાળા કક્ષાએ રાખવા જણાવવામાં આવે છે.

બિડાણ: ઉક્ત સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ. સુરત

# INITIATIVE FOR MORAL AND CULTURAL TRAINING FOUNDATION

23-Suryakunj (vibhag -1), Near Nutan English School, Prabhat chowk, Ghatlodia, Amdawad – 380061
Emall : lmctfguj@gmall.com

દિ. – ૩ ફેબ્રુઆરી ૨૦૨૬

નમસ્કાર,

IMCTF સમાજ જીવનમાં ભારતીય જીવનમૂલ્યોને વ્યવહારમાં લાવવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યું છે. જેના અંતર્ગત પ્રકૃતિ સંવર્ધન, માનવીય અને પારિવારિક મૂલ્યોનું સંવર્ધન, નારી સન્માન અને સંરક્ષણ અને રાષ્ટ્રભક્તિ જાગરણને લગતા કાર્યક્રમોનું આયોજન થાય છે.

IMCTF દ્વારા માનવીય અને પારિવારિક મૂલ્યોના સંવર્ધન અંતર્ગત માતૃ-પિતૃ વંદન, અતિથિ વંદન અને આચાર્ય વંદન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શાળાઓ અને સોસાયટીઓમાં માતૃ - પિતૃ વંદનનો કાર્યક્રમ 10 થી 15 ફેબ્રુઆરી - વિશેષ 14 ફેબ્રુઆરી કરવામાં આવે.

**આવો! આપણે બધા સાથે મળીને માતૃ-પિતૃ વંદન કાર્યક્રમનું આયોજન કરીએ.**

આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે, માતાપિતા તેમના બાળકોના જીવનમાં બદલી ન શકાય તેવી ભૂમિકા ભજવે છે. આ સંબંધ બાળકના માનસિક, શારીરિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ તેમજ તેમના એકંદર સુખાકારી અને સુખ પર ઊંડી અસર કરે છે. જીવનના દરેક પગલામાં માતા-પિતા આપણને મદદ કરે છે. માતા-પિતાની મુખ્ય ભૂમિકાઓમાંની એક એવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન, સમર્થન અને માર્ગદર્શન પ્રદાન કરે છે જે બાળકને મુખ્ય વિકાસલક્ષી કાર્યોમાં નિપુણતા પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે. બાળકનું શિક્ષણ અને સામાજિકકરણ તેમના પરિવાર દ્વારા સૌથી વધુ પ્રભાવિત થાય છે કારણ કે કુટુંબ બાળકનું પ્રાથમિક સામાજિક જૂથ છે. બાળકને શિક્ષણ આપવું અને તેનું સમર્થન કરવું એ બાળકના વિકાસમાં સીમાચિહ્નો પૈકીનું એક છે.

मातरं पितरं तस्मात् सर्वयत्नेन पूजयेत्।

આપશ્રી પોત-પોતાની શાળા કે શિક્ષણ કેન્દ્રમાં માતૃ-પિતૃ વંદનનો કાર્યક્રમ યોજીને આ સનાતન પ્રક્રિયાને જાળવવામાં સહભાગી થશો એવી આપને વિનમ્ર વિનંતી છે. માતા-પિતા પ્રત્યેના આદરરુપ આ જીવનમૂલ્ય સ્થાપિત કરવા માટે **IMCTF** ના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ પ્રકારના સહકાર આપવાની આપને નમ્ર પ્રાર્થના છે.

ભવદીય

CA તુલસીરામ ટેકવાણી
અધ્યક્ષ

સુભાષ ભાવસાર
સચિવ

**संपर्क सूत्र :**
**Email : imctfguj@gmail.com**

**Value Building is Nation Building**

# સાંસ્કૃતિક અને નૈતિક પ્રશિક્ષણ સંસ્થાન – ગુજરાત

## માતૃ-પિતૃ વંદન માટે પ્રસ્તાવિત વિધિ

સ્થળ –વિદ્યાલય / મહાવિદ્યાલય અથવા પોતાનું ઘર / પરિવાર સાથે કોઈ સ્વચ્છ સ્થળે કરી શકાય છે.

વંદન સામગ્રી – જળ કલશ, આબિલ, ગુલાલ, કંકુ, અક્ષત, નાડાછડી, ફૂલ
સાથે પ્રસાદની વ્યવસ્થા પણ કરી શકાય છે.

**માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ :-**

1. "ૐ"કાર – ૩ વાર ઉચ્ચારણ
2. આદરણીય માતા અને પિતાને સ્વચ્છ સ્થળે અથવા ખુરશી કે અન્ય આસન પર બેસવા વિનંતી કરવી. પોતે જમીન પર યોગ્ય આસન ગ્રહણ કરવું.
3. કલશના જળથી માતા અને પિતાના ચરણ ધોવા.
4. પૂજ્ય માતા અને પિતાના કપાડ પર કંકુથી તિલક કરવું.
5. આબિલ, ગુલાલ, કંકુ અને ચોખાથી માતા અને પિતાના જમણા પગના અંગૂઠાની વંદના કરવી.
6. ચરણમાં પુષ્પ અર્પણ કરવું (પુષ્પમાળા પણ અર્પણ કરી શકાય છે).
7. માતા અને પિતાના જમણા હાથના કાંડા પર નાડાછડી બાંધવી.
8. માતા અને પિતાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કરવા.
9. નૈવેદ્યથી માતા અને પિતાને મો મીઠું કરાવવું.
10. માતૃ-પિતૃ વંદનનો ભાવ મનમાં ગ્રહણ કરવો અને પ્રતિદિન વંદન કરવાનો સંકલ્પ કરવો.
11. ઊંડો શ્વાસ લઈ "ૐ"કારનો ત્રણ વાર પુનઃ ઉચ્ચારણ કરવું.
12. માતા અને પિતા – પરિવારના સભ્યો સાથે મળીને શાંતિ મંત્રનો ઉચ્ચારણ કરવું.

શાંતિ મંત્ર:

**ॐ सह नाववतु।सह नौ भुनक्तु।**
**सह वीर्यं करवावहै।तेजस्विनावधीतमस्तु।**
**मा विद्विषावहै ॥ॐ शान्तिः शान्तिः शान्तिः: ॥**